# શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય

## રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા

http://www.shaktisinhgohil.com

અખબારીયાદી તા. ૧૨.૦૫.૨૦૧૭

- ગુજરાતના બહુ જ મર્યાદિત વિસ્તારમાં અછત હોવા છતાં સરકારની નિષ્ફળતાનાં કારણે પાણી વગર લોકો અને પશુધન ટળવળે છે.
- કચ્છ જીલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા માટે ખીરસરા પોઈન્ટ ઉપર N C W પાણી ઓછામાં ઓછું ૨૫ એમ એલ ડી જોઈએ ત્યાં માત્ર ૩ એમ એલ ડી.
- શું કોંગ્રેસનાં ધારાસભ્યનાં વિસ્તારની ગાય એ ભાજપનાં માટે માતા નથી ? શું એ ગાય પણ કોંગ્રેસી છે?
- ગાયને મારે તો કડક સજાની વાત કરનાર મુખ્યમંત્રી જવાબ આપે કે વગર પાણીએ ટળવળીને ગૌવંશ મરે છે તેના માટે કોને સજા કરવી ?
- સમગ્ર ગુજરાતમાં ઉપરા ઉપરી દુષ્કાળ પડ્યા હતા ત્યારે કોંગ્રેસની સરકાર હતી પરંતુ ઘાંસ કે પાણી વગર લોકો ટળવળતા ન હતા.
- રાજગઢ પાસે કેટલાય દિવસોથી કેનાલ તૂટેલ છે પુષ્કળ પાણી વેડફાય છે પરંતુ સરકારને તેની ચિંતા નથી.
- કબાડીમાં મોકલવા લાયક ખખડધજ ટેન્કરો સાવ થોડી સંખ્યામાં કચ્છને ફળવાયા છે.
- કચ્છમાં પાણીની પુરતી વ્યવસ્થા કરવા માટે અબડાસાના ધારાસભ્યનો મુખ્યમંત્રીશ્રી ને વેદના અને આક્રોશ સાથેનો પત્ર.

**શક્તિસિંહ ગોહિલ** (MLA)
**ચેરમેન**
જાહેર હિસાબ સમિતિ,
ગુજરાત વિધાનસભા
પૂર્વ વિપક્ષનેતા, ગુજરાત રાજ્ય,
પૂર્વ મંત્રી, નાણા, શિક્ષણ અને આરોગ્ય, ગુજરાત રાજ્ય

विधानसभा
सत्यमेव जयते
गुजरात

ટેલી/ફેક્સ. ૦૭૯-૨૬૮૫૯૫૫૫
email:officeofshaktisinh@gmail.com
Website:http://www.shaktisinhgohil.com

નં.ધારા/અબડાસા/વીઆઈપી/૧૫/૨૦૧૭
તા:૧૨/૦૫/૨૦૧૭

સ્નેહી શ્રી વિજયભાઈ
માનનીય મુખ્ય મંત્રીશ્રી,
ગુજરાત

સવિનય જણાવવાનું કે, કચ્છ જીલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પીવાના પાણીની અતિશય ગંભીર પરિસ્થિતિ ઉપસ્થિત થયેલ છે. આ વિસ્તારમાં સ્થાનિક સોર્સ નથી અને સરકારે પુરતું આયોજન કરવું જોઈએ તેવી વિધાનસભામાં બજેટસત્રમાં મેં માંગણી કરી હતી તેમ જ આપશ્રીને માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં રૂબરૂ પણ રજૂઆત કરી હતી. પરંતુ સરકારે ગંભીરતાથી આ બાબત કામગીરી કરી નથી.

આ પત્રના શબ્દો કદાચ આપને કડવા લાગશે પરંતુ અતિશય દારુણ પરિસ્થિતિ વિસ્તારમાં છે માટે મારી વ્યથા અને આક્રોશ શબ્દોમાં છે. અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકા માટે ખીરસરા પોઈન્ટ ઉપર N C W પાઈપ લાઈનનું ૨૫ એમ એલ ડી પાણી આવે અને તેમાં બોરવેલનું ૨ થી ૫ એમ એલ ડી ઉમેરી શકાય તો જ ત્રણેય તાલુકાને જરૂરીયાત મુજબ મીનીમમ પાણી મળી શકે. કમનસીબે ખીરસરા પોઈન્ટ પર પુરતું પાણી આપવામાં આવતું નથી અને હાડમારી પેદા થાય છે. ૨૫ એમ એલ ડી ની જગ્યાએ ગઈ કાલે ત્રણ જ એમ એલ ડી પાણી ખીરસરા પોઈન્ટ પર આપવામાં આવ્યું  પરિણામે લોકો અને પશુધન તરસ્યા ટળવળે છે. આ વિસ્તારમાં પાણી વગર ટળવળીને ગાયો મૃત્યુ પામે તો શું તે માતા નથી ? શું મારા વિસ્તારની ગાય પણ સરકાર માટે કોંગ્રેસી બની જાય છે ? જો કોઈ ગાયને મારે તો કડક સજાની જોગવાઈની આપશ્રી વાત કરો છો, તો પાણી વગર જે ગૌવંશ ટળવળીને મરે છે તેના માટે કોઈ સજા ખરી ? કોઈ સંવેદના ખરી ?

શા માટે કચ્છમાં અપૂરતા ટેન્કરો ? જુના ખખડેલા ટેન્કરો જ શા માટે ? સરકારની અછત સમયે જવાબદારી નથી ? અત્યારે તો માત્ર થોડા જ વિસ્તારોમાં અછત છે. ભૂતકાળમાં સમગ્ર

**ઓફીસ સરનામું:**
૪૦૧, ચોથા માળે, ગુજરાત વિધાનસભા, સેકટર-૧૦, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૩૦૬૦.
**અમદાવાદ સરનામું:**
૨૦૨, રાજવી ટાવર, રાજવંશ બીલ્ડીંગ, સત્યમાર્ગ, બોડકદેવ, અમદાવાદ, પીનકોડ- ૩૮૦૦૫૪.
**ગાંધીનગર સરનામું:**
પ્લોટ નં. ૩૨, સેકટર-૧૯, ગાંધીનગર,, પીનકોડ નં.- ૩૮૨૦૧૯.

विधानसभा

**શક્તિસિંહ ગોહિલ** (MLA)
**ચેરમેન**
જાહેર હિસાબ સમિતિ,
ગુજરાત વિધાનસભા
પૂર્વ વિપક્ષનેતા, ગુજરાત રાજ્ય,
પૂર્વ મંત્રી, નાણા, શિક્ષણ અને આરોગ્ય, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते
गुजरात

ટેલી/ફેક્સ. ૦૭૯-૨૬૮૫૯૫૫૫
email:officeofshaktisinh@gmail.com
Website:http://www.shaktisinhgohil.com

ગુજરાતમાં અછત હતી ત્યારે કોંગ્રેસનું શાશન હતું અને પાણી તથા ઘાંસની પુરતી વ્યવસ્થા થતી હતી. મર્યાદિત વિસ્તારમાં અછત છે ત્યારે આપની સરકાર કેમ વ્યવસ્થા નથી કરી શકતી ? એક તરફ પાણી વગર કચ્છ ટળવળે છે અને બીજી તરફ ભાવનગર જીલ્લાના રાજગઢ ગામ પાસે કેનાલ છેલ્લા કેટલાય દિવસોથી તૂટી છે અને લાખો ગેલેન પાણી વેડફાય છે. આ સાથે વેડફાતા પાણીના ફોટા આપને મોકલું છું. સરકારને આ વેડફાતા પાણીની ચિંતા નથી ?

ખેર ! આશા રાખું છું કે આપશ્રી મારા આ પત્રને ગંભીરતાથી લઈને અબડાસા, લખપત તથા નખત્રાણા માટે ખીરસરા પોઈન્ટ પર દરરોજ ઓછામાં ઓછું ૨૫ એમ એલ ડી પાણી N C W નું મળે જ તે સુનિશ્ચિત કરશો અને પુરતા ટેન્કરોની વ્યવસ્થા ઉપરોક્ત ત્રણેય તાલુકા માટે કરશો.

આભાર સહ,

સ્નેહાધીન,

(શક્તિસિંહ ગોહિલ)

નકલ રવાના :

- શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માનનિય મંત્રીશ્રી ( મહેસુલ ) વિભાગ, ગાંધીનગર.
- શ્રી બાબુભાઈ બોખીરીયા, માંનિય મંત્રીશ્રી ( પાણી પુરવઠા ) વિભાગ, ગાંધીનગર.
- કલેક્ટરશ્રી, કલેકટર કચેરી, ભુજ

**ઓફીસ સરનામું:**
૪૦૧, ચોથા માળે, ગુજરાત વિધાનસભા, સેકટર-૧૦, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૩૦૬૦.
**અમદાવાદ સરનામું:**
૨૦૨, રાજવી ટાવર, રાજવંશ બીલ્ડીંગ, સત્યમાર્ગ, બોડકદેવ, અમદાવાદ, પીનકોડ- ૩૮૦૦૫૪.
**ગાંધીનગર સરનામું:**
પ્લોટ નં. ૭૨, સેકટર-૧૯, ગાંધીનગર,, પીનકોડ નં.- ૩૮૨૦૧૯.









---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના પ્રતિષ્ઠિત અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(સુનિલ રામી)**

અંગત મદદનીશ